**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**OMR Sheet No. :** ............................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**J 0 3 7 1 8**

# PAPER - II
# GUJARATI

**Time : 2 hours]** **[Maximum Marks : 200**

Number of Pages in this Booklet : **20** | Number of Questions in this Booklet : **100**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of hundred multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (1), (2), (3) and (4). You have to darken the circle as indicated below on the correct response against each item.

   **Example :** ① ② ● ④ where (3) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Booklet only.** If you mark your response at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There are no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में सौ बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका का नंबर OMR पत्रक पर अंकित करें और OMR पत्रक का नंबर इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (1), (2), (3) तथा (4) दिये गये हैं। आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** ① ② ● ④ जबकि (3) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पुस्तिका के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं। यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें। हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न-पुस्तिका अपने साथ ले जा सकते हैं।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही प्रयोग करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं।**

# GUJARATI
# PAPER - II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં સો **(100)** વૈકલ્પિક પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે **(2)** ગુણ છે. બધા પ્રશ્નો ફરજિયાત છે.

**1.** નરસિંહ પૂર્વેના સમયગાળાના સાહિત્યને કઈ ઓળખ લાગું પડતી નથી ?
(1) હૈમ યુગ (2) જૈન યુગ (3) ભક્તિ યુગ (4) રાસ યુગ

**2.** નીચેનામાંથી કઈ સંજ્ઞા પૂર્વના વિવેચનની છે ?
(1) વિપર્યાય (2) સંરચન (3) કલ્પન (4) પ્રતીક

**3.** નીચેનામાંથી કયા સંશોધક મેઘાણી પૂર્વેના છે ?
(1) દુર્ગારામ મહેતાજી (2) મહીપતરામ (3) જયમલ્લ પરમાર (4) નવલરામ

**4.** 'હું' સર્વનામમાં (·) બિંદી શું સૂચવે છે ?
(1) નાસિક્ય વ્યંજન (2) અનુસ્વાર (3) કંઈ નહિ (4) સાનુનાસિકતા

**5.** 'ઠ' ધ્વનિ કયું લક્ષણ ધરાવતો નથી ?
(1) નિરાનુનાસિક (2) ઘોષત્વ (3) મહાપ્રાણત્વ (4) મૂર્ધન્ય

**6.** 'સર્જકની શક્તિ અને તેના સમયની શક્તિ આ બંનેના યોગ્ય સમન્વય વિના મહાન કળાકૃતિઓ જન્મી શકતી નથી.' - એવું કયા વિવેચકનું માનવું છે ?
(1) કાન્ટ (2) આઈ.એ. રિચર્ડ્સ (3) મેથ્યુ આર્નલ્ડ (4) ટી.એસ. એલિયટ

**7.** ટૂંકી વાર્તામાં જીવનનું રહસ્ય જોનારા કયા ગુજરાતી સમીક્ષક છે ?
(1) રા.વિ. પાઠક (2) આનંદશંકર ધ્રુવ (3) ધૂમકેતુ (4) પ્રમોદકુમાર પટેલ

**8.** 'મેઘદૂતમ્' કાવ્યનો છંદ જણાવો.
(1) અનુષ્ટુપ (2) મંદાક્રાન્તા (3) શાર્દૂલવિક્રીડિત (4) ગાયત્રી

**9.** પરેશબાબુ કઈ ભારતીય નવલકથાનું પાત્ર છે ?
(1) ગોદાન (2) સંસ્કાર (3) આરણ્યક (4) ગોરા

**10.** 'પૃથ્વીચંદ્રચરિત્ર' કોની કૃતિ છે ?
(1) વિનયચંદ્ર (2) ભીમ (3) માણિક્યસુંદરસૂરિ (4) જિનપદ્મસૂરિ

**11.** 'સૂર્યને શિક્ષા કરો' કાવ્ય કયા સંગ્રહમાં છે ?
(1) વહી જતી પાછળ રમ્ય ઘોષા (2) ઓડિસ્યુસનું હલેસું
(3) અથવા (4) કયાં ?

12. 'ઓથેલો' કેટલા અંકનું નાટક છે ?

(1) બે (2) ત્રણ (3) પાંચ (4) સાત

13. નીચેનામાંથી કયો શબ્દ ગઝલની પરિભાષાનો નથી ?

(1) મત્લા (2) અંતરા (3) મકતા (4) મિસરા

14. કયા સાહિત્ય પ્રકારમાં લેખક અને કથાનાયક એક જ હોય છે ?

(1) નવલકથા (2) લોકકથા (3) જીવનકથા (4) આત્મકથા

15. 'સંશોધન એટલે સત્યની શોધ' - આ વ્યાખ્યાના પ્રદાતા કોણ છે ?

(1) હરિવલ્લભ ભાયાણી (2) કે.કા. શાસ્ત્રી (3) ભોગીલાલ સાંડેસરા (4) નરસિંહરાવ દીવેટિયા

16. 'પદ્યરચનાની ઐતિહાસિક આલોચના' માં કયા મુદ્દાની વિચારણા થઈ છે ?

(1) પ્રાસ (2) પિંગળ (3) વ્યાકરણ (4) વિવેચન

17. હેનરી રિમાર્કે સાહિત્યના તુલનાત્મક અભ્યાસમાં શાનો સ્વીકાર કર્યો છે ?

(1) ભાષાભેદ (2) પાત્રભેદ (3) કાળભેદ (4) વસ્તુભેદ

18. કયા સામયિકના આદ્ય સ્થાપક સુરેશ જોશી છે ?

(1) તથાપિ (2) સમીપે (3) એતદ્ (4) સંજ્ઞા

19. કાળાનુક્રમે ગોઠવો.

(a) અશ્વત્થામા (b) ઘર દીવડી (c) ગુરુગોવિંદસિંહ (d) દ્રૌપદીદર્શન

(1) (d), (c), (b), (a) (2) (b), (a), (d), (c)

(3) (c), (a), (d), (b) (4) (d), (b), (a), (c)

20. કાળાનુક્રમે ગોઠવો.

(a) રાજશેખર (b) કુંતક (c) ભોજ (d) મમ્મટ

(1) (d), (c), (b), (a) (2) (b), (a), (d), (c)

(3) (c), (b), (a), (d) (4) (a), (b), (c), (d)

21. કાળાનુક્રમે ગોઠવો.

(a) કલ્પ સિદ્ધાંત (b) અનુકરણ સિદ્ધાંત (c) ભાવની ભવ્યતા (d) જીવનની સમીક્ષા

(1) (c), (d), (a), (b) (2) (a), (b), (c), (d)

(3) (d), (c), (b), (a) (4) (a), (d), (b), (c)

22. કાળાનુક્રમે ગોઠવો.

(a) દેવકનસરીની કથા (b) સીદી-કચ્છી વાર્તાઓ
(c) લોકસાહિત્યમાં કથનશૈલી (d) હેંડો વાત માંડીએ
(1) (a), (b), (c), (d) (2) (d), (c), (b), (a)
(3) (b), (d), (c), (a) (4) (b), (c), (a), (d)

23. કાળાનુક્રમે ગોઠવો.

(a) સામાજિક ભાષાવિજ્ઞાન (b) શબ્દકથા
(c) ઉત્સર્ગમાળા (d) દેશીનામમાલા
(1) (c), (d), (b), (a) (2) (b), (c), (d), (a)
(3) (d), (c), (b), (a) (4) (b), (a), (d), (c)

24. કાળાનુક્રમે ગોઠવો.

(a) ઘટનાતત્ત્વનો લોપ (b) અર્થઘન કવિતા
(c) કુદરતનું સ્વરૂપ તે કવિતા (d) ચિત્ર પાડવાની શક્તિ
(1) (c), (d), (a), (b) (2) (a), (b), (c), (d)
(3) (b), (c), (d), (a) (4) (d), (c), (b), (a)

25. કાળાનુક્રમે ગોઠવો.

(a) સુંદર કાંડ (b) અરણ્ય કાંડ (c) કિષ્કિન્ધા કાંડ (d) અયોધ્યા કાંડ
(1) (d), (c), (b), (a) (2) (d), (b), (c), (a)
(3) (a), (b), (c), (d) (4) (c), (d), (b), (a)

26. કાળાનુક્રમે ગોઠવો.

(a) સંસ્કાર (b) ગોરા (c) સ્વર્ગ નીચેર માનુષ (d) આરણ્યક
(1) (d), (c), (b), (a) (2) (c), (d), (b), (a)
(3) (b), (d), (a), (c) (4) (a), (b), (c), (d)

27. કાળાનુક્રમે ગોઠવો.

(a) જેના મુખ માંહે નહિ દંત, તેને પરણવાનું તંત
(b) જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે
(c) હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો
(d) નરનારીની ચાતુરી, નર નારીનાં ચરિત્ર
શૂરપણું ને શાણપણ, પ્રાક્રમ પુણ્ય પવિત્ર
(1) (b), (c), (a), (d) (2) (a), (b), (c), (d)
(3) (d), (c), (a), (b) (4) (c), (b), (d), (a)

28. સાચો કાળાનુક્રમ જણાવો.

(1) મકરંદ દવે, બાલમુકુન્દ દવે, પ્રહલાદ પારેખ, મણિલાલ દેસાઈ
(2) બાલમુકુન્દ દવે, પ્રહલાદ પારેખ, મણિલાલ દેસાઈ, મકરંદ દવે
(3) પ્રહલાદ પારેખ, બાલમુકુન્દ દવે, મકરંદ દવે, મણિલાલ દેસાઈ
(4) પ્રહલાદ પારેખ, મકરંદ દવે, બાલમુકુન્દ દવે, મણિલાલ દેસાઈ

29. સાચો કાળાનુક્રમ જણાવો.

(1) ઓથેલો, થ્રી સિસ્ટર્સ, ફાઉસ્ટ, એગેમેન્નોન

(2) એગેમેન્નોન, ઓથેલો, ફાઉસ્ટ, થ્રી સિસ્ટર્સ

(3) ફાઉસ્ટ, એગેમેન્નોન, ઓથેલો, થ્રી સિસ્ટર્સ

(4) એગેમેન્નોન, ફાઉસ્ટ, ઓથેલો, થ્રી સિસ્ટર્સ

30. સાચો કાળાનુક્રમ જણાવો.

(1) છેલ્લું દર્શન, ગૃહપ્રવેશે, રહ્યાં વર્ષો તેમાં, પ્રવેશ

(2) પ્રવેશ, ગૃહપ્રવેશે, છેલ્લું દર્શન, રહ્યાં વર્ષો તેમાં

(3) છેલ્લું દર્શન, રહ્યાં વર્ષો તેમાં, પ્રવેશ, ગૃહપ્રવેશે

(4) રહ્યાં વર્ષો તેમાં, છેલ્લું દર્શન, ગૃહપ્રવેશે, પ્રવેશ

31. સાચો કાળાનુક્રમ જણાવો.

(1) માનવતાના ભેરુ, શબ્દાતીત, શાલભંજિકા, શહેરની શેરી

(2) શબ્દાતીત, શાલભંજિકા, શહેરની શેરી, માનવતાના ભેરુ

(3) શાલભંજિકા, શહેરની શેરી, માનવતાના ભેરુ, શબ્દાતીત

(4) શહેરની શેરી, શાલભંજિકા, શબ્દાતીત, માનવતાના ભેરુ

32. સાચો કાળાનુક્રમ જણાવો.

(1) ચાર ફાગુઓ : એક અધ્યયન, ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ
એકાંકી : સ્વરૂપ અને વિકાસ, ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા

(2) ચાર ફાગુઓ : એક અધ્યયન, ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા
એકાંકી : સ્વરૂપ અને વિકાસ, ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ

(3) ચાર ફાગુઓ : એક અધ્યયન, એકાંકી : સ્વરૂપ અને વિકાસ
ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા, ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ

(4) ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ, ચાર ફાગુઓ : એક અધ્યયન
એકાંકી : સ્વરૂપ અને વિકાસ, ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા

33. સાચો કાળાનુક્રમ જણાવો.

(1) તોત્તોચાન, ભોંયતળિયાનો આદમી, ખભેપછેડી દીઠો ચાંદ, અષાઢનો એક દિવસ

(2) ખભેપછેડી દીઠો ચાંદ, ભોંયતળિયાનો આદમી, અષાઢનો એક દિવસ, તોત્તોચાન

(3) ભોંયતળિયાનો આદમી, ખભેપછેડી દીઠો ચાંદ, અષાઢનો એક દિવસ, તોત્તોચાન

(4) અષાઢનો એક દિવસ, ખભેપછેડી દીઠો ચાંદ, ભોંયતળિયાનો આદમી, તોત્તોચાન

**34.** સાચો કાળાનુક્રમ જણાવો.

(1) બુધ્ધિપ્રકાશ, પ્રસ્થાન, સંસ્કૃતિ, સમીપે
(2) પ્રસ્થાન, બુધ્ધિપ્રકાશ, સંસ્કૃતિ, સમીપે
(3) પ્રસ્થાન, સંસ્કૃતિ, બુધ્ધિપ્રકાશ, સમીપે
(4) સમીપે, સંસ્કૃતિ, પ્રસ્થાન, બુધ્ધિપ્રકાશ

**35.** સાચો કાળાનુક્રમ જણાવો.

(1) ગુજરાતી સાહિત્યકોશ, ગુજરાતી શબ્દાર્થકોશ (થિસોરસ), કથનાવળી, અનુપ્રાસ શબ્દકોશ
(2) અનુપ્રાસ શબ્દકોશ, કથનાવળી, ગુજરાતી શબ્દાર્થકોશ (થિસોરસ), ગુજરાતી સાહિત્યકોશ
(3) કથનાવળી, અનુપ્રાસ શબ્દકોશ, ગુજરાતી શબ્દાર્થકોશ (થિસોરસ), ગુજરાતી સાહિત્યકોશ
(4) અનુપ્રાસ શબ્દકોશ, કથનાવળી, ગુજરાતી શબ્દાર્થકોશ (થિસોરસ), ગુજરાતી સાહિત્યકોશ

**36.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) સિરિથૂલિભદ્ર ફાગુ, વસંતવિજય, નેમિનાથ ચતુષ્પાદિકા
(2) સ્નેહમુદ્રા, પૂર્વાલાપ, દર્શનિકા
(3) આરોગ્યની ચાવી, રખડવાનો આનંદ, રક્તતિલક
(4) ધ્વનિ, કુંતલ, મહાપ્રસ્થાન

**37.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) વિદિશા, કાંચનજંઘા, પૂર્વોત્તર
(2) દૂરના એ સૂર, શોધ, શેરી
(3) અભિજ્ઞાનની મુદ્રિકા, ચહેરા, વર્ષાવેદન
(4) કાર્ડિયોગ્રામ, છિન્નભિન્ન છું, પારિજાત

**38.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) મહૌષધિ, શ્વેતામ્બર, આબોહવા
(2) અવરજવર, હાના, માંડમાંડ
(3) ગ્રંથકાર, નર્મદ, કારખાનું
(4) દયાપાત્ર, રસાર્દ્ર, ગ્રંથકીટ

**39.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) પંખો, મંડળ, માંડવો
(2) આંખ, વીંટી, ઊંચું
(3) સંશય, સંહાર, પંપ
(4) કુંવર, સાંવરિયો, સંત

**40.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) मत्सर, मच्छरु, માછલું
(2) स्थालिका, स्थालिआ, સ્થળ
(3) अक्षतम्, अक्खड, આખું
(4) मुकुट, मण्डप, માંડવો

**41.** સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) નિર્વેદ, શંકા, અશ્રુ
(2) જુગુપ્સા, વિસ્મય, ક્રોધ
(3) સ્વેદ, સ્વરભંગ, વિષાદ
(4) વાચિક, ભાવિક, સાત્ત્વિક

42. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) પોએટ્રિક્સ, વિજ્ઞાનવાદી ફિલસૂફ, વાગ્મિતા

(2) પેરિઈપ્સુસ, રોમન ચિંતક, પરંપરા અને વૈયક્તિક પ્રતિભા

(3) ત્રિવિધ એકતા, અમેરિકન, વસ્તુગત સહસંબંધક

(4) અભિવ્યંજનાવાદ, ઈટાલી, જીવનની સમીક્ષા

43. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) મેઘદૂત : પૂર્વમેઘ, રામગિરિ પર્વત, યાદવ

(2) ભાગવત : સ્કંદ, સુદામા, અજ

(3) રામાયણ : કાંડ, માંડવી, મેઘનાદ

(4) મહાભારત : સર્ગ, ઉત્તરા, અભિમન્યુ

44. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) કન્નડ કૃતિ, યૂ.આર. અનંતમૂર્તિ, ચંદ્રી

(2) બંગાળી કૃતિ, વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, નારણપ્પા

(3) હિન્દી કૃતિ, મોહન રાકેશ, હોરી

(4) મરાઠી કૃતિ, વિ.સ. ખાંડેકર, મહર્ષિ કણ્વ

45. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(1) પૂર્વાલાપ, સૉનેટ, ઉપહાર

(2) ભણકાર, ઊર્મિગીત, આરોહણ

(3) વહી જતી પાછળ રમ્ય ઘોષા, અછાંદસ, તડકો

(4) અંગત, ગઝલ, ઢોલિયે

46. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) સિપારણ, રૂખડ શેઠ, વાઘજી

(2) કંકુ, કાળુ, દાના

(3) ધાળજી, ભલી, માલી

(4) કાક, મંજરી, મુંજાલ

47. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) વેઈટિંગ ફોર ગોદો, ફ્રેન્ચ, નાટક

(2) ડિવાઈન કોમેડી, ઈટાલી, મહાકાવ્ય

(3) દૂઈનો એલેજી, જર્મન, કરુણ પ્રશસ્તિ

(4) વેસ્ટલેન્ડ, નેધરલેન્ડ, ઊર્મિકાવ્ય

48. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) મોગરો, સખી મેં કલ્પી'તી, ઘર ભણી

(2) રસ્તા વસંતના, મળે ન મળે, આપની યાદી

(3) ભરત, એભલવાળો, પરાજયની જીત

(4) એક સવારે, અહો ગગનચારિ, વખાર

**49.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) અંચળો, રાઈના દાણા, શિયાળાની સવારનો તડકો

(2) જવનિકા, અંતરબહિર, સાપના ભારા

(3) કામિની, નિશાચક્ર, અકૂપાર

(4) જીવનનું પરોઢ, જીવનસંભારણાં, સાફલ્યટાણું

**50.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) કનૈયાલાલ મુનશી, ઘનશ્યામ, પૃથિવીવલ્લભ

(2) ચન્દ્રકાન્ત શેઠ, નંદ સામવેદી, ધૂળમાંની પગલીઓ

(3) પ્રફુલ્લ દવે, ઈવા ડેવ, ઈશુને ચરણે

(4) ધીરુભાઈ ઠાકર, સવ્યસાચી, ઊંચી જાર નીચાં માનવી

**51.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) નવલકથા, કથનાત્મકતા, હુ હુ

(2) જીવનકથા, લેખક નાયકની ભિન્નતા, એક હતો વીનેશ

(3) ટૂંકી વાર્તા, લાઘવ, બાંધણી

(4) નાટક, સંઘર્ષ, પ્રપંચ

**52.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) આખ્યાન, મુખબંધ, રણયજ્ઞ

(2) પદ્યવાર્તા, રંગદર્શિતા, પદ્માવતી

(3) ખંડકાવ્ય, કથનાત્મકતા, મહાપ્રસ્થાન

(4) ગઝલ, મિજાજ, આત્મકથાનાં પાનાં

**53.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) બળવંત જાની, લોકવાઙ્મય, ચારણી બારમાસી

(2) કે.કા. શાસ્ત્રી, ભાણઃ એક રૂપક પ્રકાર, ગુજરાતીવ્યાકરણશાસ્ત્ર

(3) પુષ્કર ચંદરવાકર, ચંદર ઊગ્યે ચાલવું, ઓખામંડળની લોકકથા

(4) જયંત કોઠારી, ઉપક્રમ, સરસ્વતીચંદ્ર : વિસરાયેલાં - વિવેચનો

**54.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(1) ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી સાહિત્યકોશ, - જયંત કોઠારી

(2) ગુજરાત યુનિવર્સિટી, ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિકોશ, છોટુભાઈ નાયક

(3) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, બૃહદ્ ગુજરાતી શબ્દકોશ, કે.કા. શાસ્ત્રી

(4) ગૂજરાત વિદ્યાપીઠ, દેશ્ય શબ્દકોશ, બેચરદાસ પંડિત

**55.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**(A)** નરસિંહકૃત 'રાસસહસ્રપદી' માં એક હજાર પદ છે.

**(B)** નરસિંહકૃત 'ચાતુરીઓ' પર ગીત ગોવિંદની અસર છે.

(1) **(A)** અને **(B)** બન્ને સાચાં છે.

(2) **(A)** અને **(B)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(B)** ખોટું છે.

(4) **(A)** ખોટું છે અને **(B)** સાચું છે.

56. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'ગુરુ ગોવિંદ સિંહ' એ કવિ કાન્તકૃત નાટ્યકૃતિ છે.

(B) 'વિશ્વગીતા' એ કવિ ન્હાનાલાલકૃત નાટ્યકૃતિ છે.

(1) (A) અને (B) બન્ને સાચાં છે. (2) (A) અને (B) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (B) ખોટું છે. (4) (A) ખોટું છે અને (B) સાચું છે.

57. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) કેવળ વ્યુત્પતિથી ઉત્તમ કાવ્યસર્જન શક્ય નથી.

(B) 'સદ્ય પર નિર્વૃત્તિ' કાવ્યનું મહત્ત્વનું પ્રયોજન નથી.

(1) (A) અને (B) બન્ને સાચાં છે. (2) (A) અને (B) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (B) ખોટું છે. (4) (A) ખોટું છે અને (B) સાચું છે.

58. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) તરંગ સર્જનાત્મક નહિ, સંયોજનાત્મક છે.

(B) પ્રતીક કલ્પનાનું વિરોધી છે.

(1) (A) અને (B) બન્ને સાચાં છે. (2) (A) અને (B) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (B) ખોટું છે. (4) (A) ખોટું છે અને (B) સાચું છે.

59. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'યુધ્ધકાંડ' માં લંકાદહનનો પ્રસંગ છે.

(B) 'મહાભારત' માં એકવીસ પર્વો છે.

(1) (A) અને (B) બન્ને સાચાં છે. (2) (A) અને (B) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (B) ખોટું છે. (4) (A) ખોટું છે અને (B) સાચું છે.

60. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'ઓલ્ડમેન એન્ડ ધ સી' માં સાંતિયાગોને મેનોલિન સાદ્યંત સાથ આપે છે.

(B) 'યુલિસિસ' જેમ્સ જોયસ કૃત નાટ્ય કૃતિ છે.

(1) (A) અને (B) બન્ને સાચાં છે. (2) (A) અને (B) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (B) ખોટું છે. (4) (A) ખોટું છે અને (B) સાચું છે.

61. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'ગોદાન' ખેડુ જીવનની કરુણ નવલકથા છે.

(B) 'હયવદન' માં 'ભાગવત' નો સંદર્ભ છે.

(1) (A) અને (B) બન્ને સાચાં છે. (2) (A) અને (B) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (B) ખોટું છે. (4) (A) ખોટું છે અને (B) સાચું છે.

62. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના' કૃતિના સંશોધક હ.ચૂ. ભાયાણી છે.

(B) 'ત્રણ બહેનો' એ 'થ્રી સીસ્ટર્સ' નો બળવંત જાનીએ કરેલો અનુવાદ છે.

(1) **(A)** અને **(B)** બન્ને સાચાં છે. (2) **(A)** અને **(B)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(B)** ખોટું છે. (4) **(A)** ખોટું છે અને **(B)** સાચું છે.

63. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'Comparative literatures' એવો સૌ પ્રથમવાર શબ્દ પ્રયોગ રોલાં બાર્થે કર્યો છે.

(B) 'World literature' ની વિભાવના સૌ પ્રથમ ગ્યૂઈથે એ આપી છે.

(1) **(A)** અને **(B)** બન્ને સાચાં છે. (2) **(A)** અને **(B)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(B)** ખોટું છે. (4) **(A)** ખોટું છે અને **(B)** સાચું છે.

64. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) ડેનિયલ જોન્સનનો 'ઉચ્ચારણકોશ' જાણીતો છે.

(B) 'લોકસાહિત્ય શબ્દકોશ' ના સંપાદક જેઠાલાલ ત્રિવેદી છે.

(1) **(A)** અને **(B)** બન્ને સાચાં છે. (2) **(A)** અને **(B)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(B)** ખોટું છે. (4) **(A)** ખોટું છે અને **(B)** સાચું છે.

65. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'આંતકવાદ' શબ્દ વ્યત્યયનું દૃષ્ટાંત છે.

(R) 'વ્યત્યય' માં ધ્વનિનું સ્થળાંતર થાય છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે. (2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે. (4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

66 નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'આધુનિકતા' એ સમયલક્ષી સંજ્ઞા છે.

(R) 'આધુનિકતા' માં કેવળ સમયસંદર્ભ અપેક્ષિત હોય છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે. (2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે. (4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

67. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) નવલરામે કાવ્યરચનામાં છંદને અનિવાર્ય ગણ્યો છે.

(R) કાવ્યસર્જન માટે છંદ અનિવાર્ય છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે. (2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.

(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે. (4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

68. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**(A)** 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન' ચન્દ્રકાન્ત ટોપીવાળાનો ભાષાકેન્દ્રી અભ્યાસ ગ્રંથ છે.

**(R)** ચન્દ્રકાન્ત ટોપીવાળા સુપ્રસિદ્ધ ભાષાવિજ્ઞાની છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

69. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**(A)** મદનમોહનાનાં લગ્ન થઈ શક્યાં નથી.

**(R)** મદનને દેશવટો આપવામાં આવ્યો હતો.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

70. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**(A)** 'કામિની' નવલકથામાં નાયિકા શેખર ખોસલાનું ખૂન કરે છે.

**(R)** નાયિકા શેખર ખોસલાના દુષ્કર્મનો ભોગ બની હતી.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

71. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**(A)** ખંડકાવ્યને 'કથનોર્મિ' કાવ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે.

**(R)** ખંડકાવ્યમાં ઊર્મિ તથા કથનનું આલેખન હોય છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

72. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**(A)** સર્જનાત્મક કથાસાહિત્યના કેન્દ્રમાં કથા હોય છે.

**(R)** લોકકથા સર્જનાત્મક સાહિત્યનો પ્રકાર છે.

(1) **(A)** અને **(R)** બન્ને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બન્ને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

73. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | સમરારાસુ | (i) | ગિરનાર |
| (b) | પેથડ રાસ | (ii) | વિજયનગર |
| (c) | સંદેશક રાસ | (iii) | શત્રુંજય પર્વત |
| (d) | ભરતેશ્વર બાહુબલિ રાસ | (iv) | અયોધ્યા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (iv) | (i) |
| (2) | (iii) | (i) | (ii) | (iv) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (ii) | (i) | (iv) | (iii) |

74. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | 'રે ધિક્ તને, છટ, હા ! તું ધૂર્ત.' | (i) | રાજેન્દ્ર શાહ |
| (b) | 'નવાં કલેવર ધરો હંસલા ! નવાં કલેવર ધરો' | (ii) | ઉમાશંકર જોશી |
| (c) | 'તને જોઈ જોઈ તોય તું અજાણી' | (iii) | નિરંજન ભગત |
| (d) | 'કીકી કરું બે નભ તારલાની.' | (iv) | ઝવેરચંદ મેઘાણી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (ii) | (iii) | (iv) |
| (2) | (ii) | (iv) | (i) | (iii) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iii) | (iv) | (i) | (ii) |

75. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | તખુની વાતો | (i) | કિરીટ દુધાત |
| (b) | બાપાની પીંપર | (ii) | હર્ષદ ત્રિવેદી |
| (c) | રણઝણવું | (iii) | અજિત ઠાકોર |
| (d) | જાળિયું | (iv) | વીનેશ અતાણી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (iv) | (ii) |
| (2) | (iv) | (iii) | (ii) | (i) |
| (3) | (iii) | (i) | (ii) | (iv) |
| (4) | (ii) | (iii) | (iv) | (i) |

76. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | સ્થાયિભાવ | (i) | તેત્રીસ |
| (b) | સંચારી | (ii) | આઠ |
| (c) | સાત્ત્વિક | (iii) | સાત |
| (d) | રસપ્રતીતિનાં વિઘ્નો | (iv) | નવ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (ii) | (i) |
| (2) | (iv) | (ii) | (i) | (iii) |
| (3) | (iv) | (i) | (ii) | (iii) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

77. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | લોન્જાઈનસ | (i) | ઈ.સ.પૂર્વે 213 થી 273 |
| (b) | કોલરિજ | (ii) | ઈ.સ. 1772 - 1834 |
| (c) | ક્રોચે | (iii) | ઈ.સ. 1866 - 1952 |
| (d) | આર્નલ્ડ | (iv) | ઈ.સ. 1822 - 1888 |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iv) | (ii) | (iii) |
| (2) | (i) | (ii) | (iii) | (iv) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iii) | (i) | (iv) | (ii) |

78. બન્ને યાદીની વિગતો સરખાવી સરખાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | 'એ' | (i) | કર્મ, તાદર્થ્ય |
| (b) | 'થી' | (ii) | સંબંધ, કર્તા |
| (c) | 'ન' | (iii) | કરણ, અપાદાન |
| (d) | 'ને' | (iv) | અધિકરણ, કર્તા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (iii) | (ii) | (i) |
| (2) | (iii) | (iv) | (i) | (ii) |
| (3) | (iv) | (iii) | (i) | (ii) |
| (4) | (ii) | (iii) | (iv) | (i) |

79. બન્ને યાદીની વિગતો સરખાવી સરખાં જોડકાં બનાવો.

| | I | II | |
|---|---|---|---|
| (a) | ય | (i) | પાર્શ્વિક |
| (b) | ષ | (ii) | તંત્રીવિવરોત્થ |
| (c) | લ | (iii) | સંઘર્ષી |
| (d) | હ | (iv) | અર્ધસ્વર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (iii) | (i) |
| (2) | (iii) | (iv) | (i) | (ii) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iv) | (iii) | (i) | (ii) |

80. બન્ને યાદીની વિગતો સરખાવી સરખાં જોડકાં બનાવો.

| | I | II | |
|---|---|---|---|
| (a) | પ્રશિષ્ટતાવાદ | (i) | પૃથિવીવલ્લભ |
| (b) | રંગદર્શિતાવાદ | (ii) | ફેરો |
| (c) | આધુનિકતાવાદ | (iii) | સરસ્વતીચંદ્ર |
| (d) | અતિવાસ્તવવાદ | (iv) | રિક્તરાગ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iv) | (i) | (iii) |
| (2) | (iii) | (ii) | (i) | (iv) |
| (3) | (iii) | (i) | (ii) | (iv) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

81. બન્ને યાદીની વિગતો સરખાવી સરખાં જોડકાં બનાવો.

| | I | II | |
|---|---|---|---|
| (a) | કાવ્યલોક | (i) | બ.ક. ઠાકોર |
| (b) | કવિતાશિક્ષણ | (ii) | ઉમાશંકર જોશી |
| (c) | કવિતાવિવેક | (iii) | હ.ચૂ. ભાયાણી |
| (d) | કાવ્યવ્યાપાર | (iv) | રા.વિ. પાઠક |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iv) | (iii) | (i) |
| (2) | (iv) | (i) | (ii) | (iii) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iv) | (ii) | (i) | (iii) |

82. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | ગોરા | (i) | ગોષ્ઠ બાબુ |
| (b) | આરણ્યક | (ii) | ફરુ સરદાર |
| (c) | હયવદન | (iii) | ગોબર |
| (d) | ગોદાન | (iv) | ભાગવત્ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (i) | (iv) | (iii) |
| (2) | (ii) | (iv) | (i) | (iii) |
| (3) | (iii) | (ii) | (iv) | (i) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

83. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | મેટામોર્ફોસિસ | (i) | કાવ્ય |
| (b) | ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ | (ii) | નાટક |
| (c) | ધ ફ્લાઈઝ | (iii) | નવલકથા |
| (d) | ધ વેસ્ટલેન્ડ | (iv) | દીર્ઘ વાર્તા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (ii) | (i) | (iv) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (iii) | (iv) | (i) | (ii) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

84. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | સરસ્વતીચંદ્ર | (i) | એકરાર |
| (b) | માનવીની ભવાઈ | (ii) | નિરુત્તર |
| (c) | અમૃતા | (iii) | પરથમીનો પોઠી |
| (d) | કામિની | (iv) | રાત્રિ સંસાર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (iii) | (i) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iv) | (ii) | (i) | (iii) |

85. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | પૂર્વાલાપ | (i) | આરોહણ |
| (b) | ભણકાર | (ii) | યોગ હીણો વિયોગ |
| (c) | ધ્વનિ | (iii) | અંતિમ પ્રાર્થના |
| (d) | અથવા | (iv) | અંધકાર અને હું |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (ii) | (i) | (iv) |
| (2) | (iii) | (i) | (ii) | (iv) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (ii) | (iv) | (iii) | (i) |

86. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | તણખામંડળ | (i) | 1834 |
| (b) | સ્મરણયાત્રા | (ii) | 1865 |
| (c) | ધરાગુર્જરી | (iii) | 1844 |
| (d) | જનાન્તિકે | (iv) | 1826 |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (iii) | (ii) |
| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (iv) | (i) | (ii) | (iii) |
| (4) | (iii) | (i) | (iv) | (ii) |

87. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | નવલકથા | (i) | શબવત્ |
| (b) | ટૂંકી વાર્તા | (ii) | શાહમૃગ અને દેવહુમા |
| (c) | એકાંકી | (iii) | અરવલ્લી |
| (d) | નિબંધ | (iv) | વૈશાખી વાદળ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (iii) | (ii) | (i) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (iii) | (i) | (iv) | (ii) |
| (4) | (iii) | (ii) | (iv) | (i) |

88. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | ઉપજાતિ | (i) | 11 અક્ષર |
| (b) | પૃથ્વી | (ii) | 12 અક્ષર |
| (c) | વસંતતિલકા | (iii) | 14 અક્ષર |
| (d) | વંશસ્થ | (iv) | 17 અક્ષર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (ii) | (i) |
| (2) | (ii) | (iv) | (i) | (iii) |
| (3) | (i) | (iii) | (iv) | (ii) |
| (4) | (i) | (iv) | (iii) | (ii) |

89. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | ઈલિયડ | (i) | અનુ. જયંતિ દલાલ |
| (b) | ચંદ્ર આથમ્યો ત્યારે | (ii) | અનુ. હંસાબેન મહેતા |
| (c) | હેમ્લેટ | (iii) | અનુ. વિજય શાસ્ત્રી |
| (d) | અને આશા બહુ લાંબી | (iv) | અનુ. જયંત પંડ્યા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (i) | (ii) |
| (2) | (iv) | (iii) | (ii) | (i) |
| (3) | (i) | (iii) | (iv) | (ii) |
| (4) | (iv) | (ii) | (iii) | (i) |

90. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો.

| | I | | II |
|---|---|---|---|
| (a) | સંત સાહિત્ય શબ્દકોશ | (i) | જેઠાલાલ ત્રિવેદી |
| (b) | આગમ શબ્દકોશ | (ii) | દીપરત્ન સાગર |
| (c) | પારિભાષિક શબ્દકોશ | (iii) | વિશ્વનાથ ભટ્ટ |
| (d) | અનુઆધુનિક સંજ્ઞાકોશ | (iv) | જયંત ગાડીત |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (ii) | (iii) | (iv) |
| (2) | (iv) | (iii) | (ii) | (i) |
| (3) | (i) | (iv) | (iii) | (ii) |
| (4) | (ii) | (i) | (iv) | (iii) |

ગદ્યખંડની નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપો :

કવિતાના સ્વરૂપ તરફ નજર કરીશું તો તેના આ (આનંદ આપવાના) ઉદ્દેશ વિશે ખાતરી થશે. ધર્મવિચાર, તત્ત્વજ્ઞાન, ગણિત, પદાર્થવિજ્ઞાન, એ સર્વથી કવિતા જુદી પડે છે તે એ રીતે કે એ સર્વ બુદ્ધિની તીક્ષ્ણતાના વિષય છે અને કવિતા હૃદયના ઉલ્લાસનો વિષય છે. બુદ્ધિના એ વિષયમાં તત્ત્વગ્રહણ કરવા માટે ઊંડું મનન કરવું પડે છે, કામ કરી ચિંતન કરવું પડે છે, મનને વિચારગ્રસ્ત રાખી મન પાસે ગ્રહણવ્યાપાર કરાવવો પડે છે. પરંતુ, કવિતાના વિષયમાં મનને એ પ્રમાણે દોરી શકાતું નથી. સ્વયંભૂ ઊર્મિથી જ મન કવિત્વની વૃત્તિમાં આવે છે અને એવે સમયે આપોઆપ થયેલા ભાવ હૃદયનો સ્પર્શ કરે છે. બુદ્ધિના વ્યાપારથી પરિણામે જ્ઞાન થાય છે અને ચિત્તને છાક લાગે છે, પરન્તુ ઊર્મિના વ્યાપારથી પરિણામે આનંદ થાય છે, અને ઉલ્લાસથી ઉશ્કેરાયેલી સ્થિતિ કાયમ રહે છે. મનન, ચિંતન, વિમર્શન, પૃથક્કરણ એ સર્વ બુદ્ધિવ્યાપારોની છેલ્લી પરમ સ્થિતિ દૃઢ જ્ઞાનની છે. અન્તરાવેગ, ચિત્તક્ષોભ, ભાવપ્રેરણા એ સર્વ ઊર્મિવ્યાપારોની છેલ્લી પરમ સ્થિતિ અખંડ આનંદની છે. કવિતા આ ઊર્મિવ્યાપારથી ઉત્પન્ન થાય છે અને તેથી તેનો ઉદ્દેશ આ આનંદપ્રાપ્તિનો હોય છે. આ આનંદનું સ્વરૂપ એવું અલૌકિક છે કે દુનિયાના સાધારણ વ્યવહારમાં સુખ, હર્ષ કે સંતોષના જે અનુભવ થાય છે તેથી જુદા જ પ્રકારનો આ આનંદનો અનુભવ છે. કવિતામાં રસ શૃંગાર, હાસ્ય, વીર કે કરુણ હોય, કથા હર્ષની કે શોકની, ઉત્સવ કે મરણની, સુખની કે દુઃખની, પરાક્રમ કે પ્રપંચની, પુણ્યની કે પાપની હોય, તો પણ તેમાં હૃદયંગમતા હોય તો કાવ્યથી આનંદનો ઉદ્‌ભવ થાય છે.

**91.** બુદ્ધિનો વિષય કયાં બે તત્ત્વો સાથે સંકળાયેલો છે ?

(1) ઊર્મિવ્યાપાર અને ભાવોદ્રેકતા  (2) ચિંતન અને પૃથક્કરણ

(3) પરાક્રમ અને પ્રપંચ  (4) રોજગાર અને નિત્યક્રમ

**92.** ગણિતના વિષયમાં કયો વ્યાપાર સક્રિય હોય છે ?

(1) ઉપભોગ વ્યાપાર  (2) ચિત્તક્ષોભ  (3) ગ્રહણ વ્યાપાર  (4) પ્રેરણા વ્યાપાર

**93.** કાવ્યવ્યાપારની અંતિમ પરિણતિ કઈ છે ?

(1) મનોરંજન  (2) ભૌતિક સુખસગવડ  (3) વિમર્શન  (4) પર નિર્વૃત્તિ

**94.** સાહિત્યમાં નિરૂપાતા બીભત્સ રસથી ભાવકને અંતે કઈ અનુભૂતિ થાય છે ?

(1) ગંદકીની  (2) ચિતરીની  (3) હૃદયની પ્રસન્નતાની  (4) અરેરાટીની

**95.** તત્ત્વજ્ઞાન અને કવિતા વચ્ચે મુખ્ય ભેદ કયો છે ?

(1) ઉચ્ચાવચતાનો  (2) પ્રમાણભાનનો

(3) અર્થલાભ અને વ્યવહારજ્ઞાનનો  (4) ચિત્ત અને હૃદયનો

**કાવ્ય વાંચી નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો.**

કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ !

ધરતીઆંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
વાટમાં વચ્ચે એક દી નકી આવશે વિદાયવેળા,
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા !
હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ !

પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટકપથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,
એકબીજાને જીતશું, રે ભાઈ, જાતને જાશું હારી !
ક્યાંય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ !

**96.** કાવ્યમાં જીવન પ્રત્યેનો કેવો ભાવ પ્રગટ થયો છે ?
(1) આસ્તિક ભાવ (2) નાસ્તિક ભાવ (3) વિષાદ ભાવ (4) સ્થાયિ ભાવ

**97.** 'પાવક' શબ્દ શાનો નિર્દેશ કરે છે ?
(1) તેજ (2) અગ્નિ (3) પવિત્રતા (4) પારદર્શકતા

**98.** 'હૈયાનો હિમાળો' શબ્દપ્રયોગમાં કઈ પ્રયુક્તિ છે ?
(1) તરંગ (2) પ્રતીક (3) કલ્પન (4) પુરાકલ્પન

**99.** કવિ જનમોજનમ કયા પ્રકારનો રંગ લાગી જવાની વાત કરે છે ?
(1) જન્મનો (2) ઘડીનો (3) ધરતી આંગણનો (4) સહવાસનો

**100.** પ્રસ્તુત કાવ્યના કવિ કોણ છે ?
(1) રાજેન્દ્ર શાહ (2) નિરંજન ભગત (3) પ્રહ્લાદ પારેખ (4) પ્રિયકાન્ત મણિયાર

- o 0 o -

**Space For Rough Work**